નેસ ગામમાં મોડી રાત્રે ગાઢ નિંદ્રામાં પોઢેલા પરિવાર પર મકાનની દીવાલ ધરાશાયી

# ઠાસરા તાલુકાના નેસ ગામમાં દીવાલ ‘કાળ’ બની ત્રાટકી : બેના કરુણ મોત

**સાસુ-વહુના** કમકમાટીભર્યા મોત, બે માસૂમ બાળકીઓ લોહીલુહાણ, પિતાનો આબાદ બચાવ



(પ્રતિનિધિ) નડિયાદ તા.૩

ઠાસરા તાલુકામાં આવેલા નેસ ગામે મોડી રાત્રે એક ગમખ્વાર અને હૃદયદ્રાવક દુર્ઘટના સર્જાઈ છે. ગામના વાળંદ ફળિયામાં આવેલ એક જર્જરિત મકાનની દીવાલ અચાનક મોટા ધડાકા સાથે તૂટી પડતા, ઘરમાં સૂઈ રહેલા એક જ પરિવારના પાંચ સભ્યો કાટમાળ નીચે દબાઈ ગયા હતા. આ ગોઝારી ઘટનામાં સાસુ અને વહુના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા છે, જ્યારે બે બાળકીઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, નેસ ગામના વાળંદ ફળિયામાં રહેતા પૂનમબેન વાળંદનો પરિવાર રાત્રિના સમયે પોતાના ઘરમાં નિરાંતે સૂતો હતો. આ દરમિયાન અચાનક જ મકાનની જર્જરિત દીવાલ કડાકાભેર તૂટી પડી હતી. માટી અને ઈંટોનો ભારેખમ કાટમાળ પરિવાર પર પડતા આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. ધડાકાનો અવાજ સાંભળી ગ્રામજનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને કાટમાળ નીચે દબાયેલા લોકોને બહાર કાઢવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

આ અંગે સ્થાનિકોએ કાટમાળ હટાવીને તપાસ કરતા પૂનમબેન વાળંદ અને તેમની પુત્રવધુ સોહમબેન વાળંદ ગંભીર રીતે ઘવાયા હતા અને ગંભીર ઈજાઓને કારણે તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. એક જ પરિવારની બે મહિલાઓના મોતથી સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

આ દુર્ઘટનામાં પરિવારના પુત્ર પ્રવીણભાઈનો ચમત્કારિક બચાવ થયો છે. જોકે, તેમની બે દીકરીઓ, 13 વર્ષીય નિશા અને 8 વર્ષીય આરોહી કાટમાળ નીચે દબાઈ જવાથી ઈજાગ્રસ્ત થઈ હતી. બંને બાળકીઓને તાત્કાલિક સારવાર માટે નડિયાદની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે, જ્યાં તેમની હાલમાં સઘન સારવાર ચાલી રહી છે. આ ઘટના અંગે પોલીસ અને સ્થાનિક તંત્રને જાણ કરવામાં આવતા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# કપડવંજ શહેરમાં ભારે વરસાદને પગલે જર્જરિત દીવાલ ધરાશાયી

**જેસીબી અને** ટ્રેક્ટર વડે કાટમાળ ખસેડી રસ્તો ખુલ્લો કરાયો

(પ્રતિનિધિ) કપડવંજ તા.૩

કપડવંજ શહેરમાં સતત વરસી રહેલા અતિશય વરસાદને કારણે સુભાષચોક વિસ્તારમાં એક જર્જરિત દીવાલ ધરાશાયી થવાની ઘટના બની હતી. જોકે, સ્થાનિક કાઉન્સિલર અને નગરપાલિકા તંત્રની સમયસૂચકતા અને ઝડપી કામગીરીને કારણે તાત્કાલિક કાટમાળ હટાવી લેવામાં આવતા સંભવિત જોખમ ટળ્યું હતું અને સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.



કપડવંજ પંથકમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા અનરાધાર વરસાદને પગલે જૂના અને જર્જરિત બાંધકામો માટે જોખમ ઊભું થયું છે. આ દરમિયાન શહેરના વ્યસ્ત ગણાતા સુભાષચોક વિસ્તારમાં અગાઉ પડી ગયેલા એક મકાનની બાકી રહેલી જર્જરિત દીવાલ અચાનક ધરાશાયી થઈ હતી. આ દીવાલ મુખ્ય જાહેર રસ્તા પર આવેલી હોવાથી ત્યાંથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકો માટે મોટું જોખમ ઊભું થયું હતું.

ઘટનાની જાણ થતાં જ જાગૃત નાગરિકોએ વોર્ડ નં. 5 ના મ્યુનિસિપલ સભ્ય સિદ્ધાંત અજીતભાઈ મહેતાને આ અંગે રજૂઆત કરી હતી. પરિસ્થિતિની ગંભીરતા પારખીને કાઉન્સિલર મહેતાએ વિલંબ કર્યા વિના નગરપાલિકાનો સંપર્ક સાધ્યો હતો. પરિણામે, નગરપાલિકાના કર્મચારીઓ તાત્કાલિક જેસીબી અને ટ્રેક્ટર જેવા સાધનો સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. કપડવંજમાં ભારે વરસાદ વચ્ચે પણ પાલિકાની ટીમ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરીને રસ્તા પર પથરાયેલો કાટમાળ દૂર કરી દેવામાં આવ્યો હતો.

# સોજીત્રાની ૨૦ તલાવડીમાંથી આવક મેળવવા આયોજન

**પાલિકાની** માલિકીની તલાવડી શિંગોડા અને કમળના ઉત્પાદન માટે ભાડે અપાશે

(પ્રતિનિધિ) સોજિત્રા, તા.૩

સોજીત્રા નગર પાલિકાએ આવકના સ્ત્રોત ઉભા કરવા માટે પાલિકાની માલિકીની ૨૦ જેટલી નાની, મોટી તલાવડીઓ ભાડે આપવા અંગે સામાન્ય સભામાં ઠરાવ કરાયો છે. આવક ઉભી કરવા માટે સામાન્ય સભામાં તળાવડીઓ ભાડે આપીને આવકનો સ્ત્રોત ઉભો કરવાનું આયોજન કરાયું છે.

સોજિત્રા પાલિકાના ચીફ ઓફિસર પાર્થ પરમારે જણાવ્યું હતું કે, પાલિકા વિસ્તારમાં અલગ અલગ જગ્યાએ જુદા જુદા ક્ષેત્રફળ ધરાવતી તલાવડીઓ આવેલી છે. આ વિસ્તારમાં તળાવના તળ ખૂબ મજબૂત હોવાથી પાણી બારેમાસ રહેતું હોય છે. જેથી પાલિકા દ્વારા આર્થિક ઉપાર્જન માટે આયોજન કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સોજીત્રા તાલુકામાં શિંગોડા અને કમળના ફૂલ માટે ખૂબ અનુકૂળ વાતાવરણ અને પાણી હોવાથી બંનેનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થાય છે. સોજીત્રા પાલિકા પણ ૨૦ તલાવડીઓ શિંગોડા અને કમળ માટે જાહેર હરાજી દ્વારા ભાડે આપીને વાર્ષિક ૬ લાખ જેટલી ભાડાની આવક મેળવશે. વેપારીવર્ગ તેમજ શિંગોડા અને કમળના ઉત્પાદન સંકળાયેલા ઈજારદાર માટે પણ સોજિત્રા નગરપાલિકાના આયોજન પગલે વધું ઉત્પાદન સાથે વધુ આવક થવાની શક્યતા ઉદભવી છે.

# મહેમદાવાદમાં બે ગામોમાંથી ૧૨ ને ૭ ફૂટના મહાકાય મગર ઝડપાયા

**રીંછોલમાં ઘરમાં** ઘૂસેલા મગરના રેસ્ક્યૂ દરમિયાન વન અધિકારી ઈજાગ્રસ્ત

(પ્રતિનધિ) નડિયાદ તા.૩

મહેમદાવાદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી મગરો દેખાવાની ઘટનાઓથી ગ્રામજનોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. વન વિભાગે જીભયપુરા અને રીંછોલ ગામમાંથી બે મહાકાય મગરોનું સફળ રેસ્ક્યૂ કર્યું છે. જોકે, આ કામગીરી દરમિયાન એક રેન્જ ફોરેસ્ટ ઓફિસર મગરના હુમલા કે ઝપાઝપીમાં ઈજાગ્રસ્ત થતા તેમને ગાંધીનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.



**મગરોને કુદરતી આવાસમાં મુક્ત કરાશે**

હાલ બંને મગરોને મહેમદાવાદ ફોરેસ્ટ ઓફિસ ખાતે રાખવામાં આવ્યા છે. વન વિભાગ દ્વારા આ મગરોને વહેલી તકે તેમના કુદરતી આવાસમાં સુરક્ષિત રીતે મુક્ત કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. તંત્ર દ્વારા લોકોને પણ સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

મહેમદાવાદના જીભયપુરાથી કચ્છઈ તરફ જતા મુખ્ય માર્ગ પર અચાનક 12 ફૂટ લાંબો વિશાળકાય મગર આવી ચડતા વાહનચાલકોમાં ફાળ પડી હતી. બીજી તરફ, રીંછોલ ગામમાં વહેલી સવારે એક રહેણાંક મકાનમાં 7 ફૂટનો મગર ઘૂસી આવ્યો હતો. ઘરના સભ્યો જાગ્યા ત્યારે રૂબરૂ મગરને જોઈને સ્તબ્ધ થઈ ગયા હતા. વન વિભાગની ટીમે સ્થાનિક નગીનભાઈ અને અન્ય મદદગારોની સહાયથી ભારે જહેમત બાદ બંને મગરોને સુરક્ષિત રીતે બાંધીને કાબૂમાં લીધા હતા. અગાઉ વરસોલા ગામના તળાવમાં પણ મગર જોવા મળ્યો હતો. વારંવાર રસ્તાઓ અને ખેતરોમાં મગરો આવી ચડવાની ઘટનાઓને કારણે ખેડૂતો હવે ખેતીકામ માટે બહાર નીકળતા પણ ડરી રહ્યા છે. પંથકમાં ભય અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે.

# કરમસદના રેલવે કાંસની સફાઈ કરાતાં પાણી ઓસર્યાં

**સોસાયટીઓમાં** ભરાયેલા પાણીથી રહીશોને હાલાકીમાંથી મુક્તિ મળી

(પ્રતિનિધિ) આણંદ તા.૩

કરમસદ-આણંદ મનપા વિસ્તારમાં ભારે વરસાદને પગલે સર્જાયેલી પાણી ભરાવાની સમસ્યાનો અંત લાવવા વહીવટી તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. કરમસદ જીએમએમ ફોડલર પાસે રેલવેની હદમાં આવેલા કાંસની સફાઈ કરાતા અનેક સોસાયટીઓમાં ભરાયેલા પાણી ઓસરવા લાગ્યા છે.

કરમસદ વિસ્તારમાં આવેલી પ્રોફેસર સોસાયટી, રોયલ પાર્ક, યુકો પાર્ક અને આદિત્ય બંગલાની આસપાસના વિસ્તારોમાં વરસાદ બંધ થયા પછી પણ પાણીનો નિકાલ થતો ન હતો. આ તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, જીએમએમ ફોડલર પાસે બ્રિજ નીચે રેલવેની ROW (Right of Way) માં રેલવેને સમાંતર પસાર થતા વરસાદી કાંસમાં માટી પુરાણ અને ઝાડી-ઝાંખરાને કારણે અવરોધ ઊભો થયો હતો, જેનાથી પાણી આગળ વહી શકતું ન હતું.

આ સમસ્યાના નિરાકરણ માટે મનપાના ડેપ્યુટી કમિશનર અને ડેપ્યુટી મેયરે સ્થળ પર હાજર રહીને રેલવે વિભાગ તથા જીઆઈડીસી સાથે પરામર્શ કરી કામગીરી શરૂ કરાવી હતી. કાંસમાંથી અવરોધો દૂર થતા જ રહેણાંક વિસ્તારોમાં ભરાયેલા પાણીનો ઝડપી નિકાલ થયો છે. વહીવટી તંત્ર દ્વારા નગરજનોની સુખાકારી માટે કટિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### નડિયાદની ભારતી વિનય મંદિર હાઈસ્કુલમાં ગૌરી વ્રતની વિવિધ સ્પર્ધાઓ સાથે ઉત્સાહભેર ઉજવણી

નડિયાદ | ચકલાસી સ્થિત ભારતી વિનય મંદિર હાઈસ્કુલમાં ગૌરી વ્રત નિમિત્તે મહેંદી, કેશગૂંફન, પૂજા થાળી ડેકોરેશન અને સાડી પરિધાન જેવી વિવિધ સ્પર્ધાઓનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. મેનકાબેન આઈ. પટેલ અને ડો. કવિતાબેન એ. ઠાકરના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ સ્પર્ધાઓમાં શાળાની દીકરીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે કેળવણી મંડળના મંત્રીશ્રીઓ સંજયભાઈ પટેલ અને હિતેશભાઈ બી. પટેલ તરફથી તમામ દીકરીઓને અલ્પાહાર (ખાવું) આપવામાં આવ્યું હતું. વધુમાં, શાળાના શિક્ષક દિગ્વિજયસિંહ ગોહિલ દ્વારા દીકરીઓને ચીકીનું વિતરણ કરીને વ્રતની ઉજવણીને યાદગાર બનાવવામાં આવી હતી.



### ગુજરાત ફેડરેશન ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સના માનદ મહામંત્રી તરીકે અમિત સોનીની વરણી

નડિયાદ | નડિયાદના જાણીતા ટેક્સ કન્સલ્ટન્ટ અમિત સોનીની ગુજરાત ફેડરેશન ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સ એસોસિએશનના માનદ મહામંત્રી તરીકે પ્રતિષ્ઠિત નિમણૂક કરવામાં આવી છે. તેમની કાર્યકુશળતા અને સંગઠન પ્રત્યેની પ્રતિબદ્ધતાને ધ્યાને રાખીને સોંપાયેલી આ જવાબદારીથી ટેક્સ કન્સલ્ટન્ટ્સ અને ઉદ્યોગજગતમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. શુભેચ્છકોએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે તેમના સક્ષમ નેતૃત્વ હેઠળ એસોસિએશન વધુ મજબૂત બનશે અને સભ્યોના હિતમાં નવા આયામો સ્થાપિત કરશે. આ પ્રસંગે વિવિધ વ્યાવસાયિક અને સામાજિક સંસ્થાઓના હોદ્દેદારોએ તેમને હાર્દિક અભિનંદન પાઠવી સફળ કાર્યકાળ માટે શુભકામનાઓ પાઠવી હતી.




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com


### સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા આંતર કોલેજ ટેબલ ટેનિસ સ્પર્ધાનું આયોજન

આણંદ | સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા ૩૦ જુલાઈ ૨૦૨૬ના રોજ આંતર કોલેજ ટેબલ ટેનિસ સ્પર્ધા યોજાઈ, જેનું ઉદ્ઘાટન કુલસચિવ ડૉ. ભાઇલાલભાઈ પટેલે કર્યું હતું. આ સ્પર્ધામાં ભાઈઓ અને બહેનોની કુલ ૧૬ જેટલી વિવિધ કોલેજોની ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધાના કનવિનર ડૉ. પરેશભાઈ યાદવ, હસમુખભાઈ મકવાણા અને દેવશી ઝાપડીયાના માર્ગદર્શન હેઠળ આ ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટી અને વિવિધ કોલેજોના શારીરિક શિક્ષણના અધ્યાપકો તથા સ્ટાફની ભારે જહેમતથી આ રમતગમત સ્પર્ધા સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.




### કપડવંજની એમ. વી. પરીખ સ્કૂલમાં ગૌરીવ્રત અને ગુરુપૂર્ણિમાની ઉત્સાહભેર ઉજવણી

કપડવંજ | કપડવંજની એમ. વી. પરીખ ઈંગલિશ મીડીયમ સ્કૂલમાં ગૌરીવ્રત નિમિત્તે બાળાઓ દ્વારા ગોરમાની પૂજા અને આકર્ષક ફેન્સી ડ્રેસ સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુપૂર્ણિમાના પવિત્ર અવસરે વિદ્યાર્થીઓએ ગુરુ પૂજન કર્યું હતું અને વૃક્ષ નીચે બેસીને અભ્યાસ કરવાની પ્રાચીન ગુરુકુળ પરંપરાના જીવંત દર્શન કરાવ્યા હતા. આ કાર્યક્રમ દ્વારા બાળકોને ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું આદરભર્યું સ્થાન અને માતા-પિતા પ્રથમ ગુરુ છે તે વિષયનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ પ્રેરણાદાયી વાતાવરણમાં વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહ સાથે ભાગ લઈને ભારતીય સંસ્કારોનું ભાથું મેળવ્યું હતું.



### કપડવંજની પી.આર. મુખી શાળામાં ગુરુપૂર્ણિમાની ભવ્ય અને ભાવભીની ઉજવણી



કપડવંજ | જીવનશિલ્પ કેમ્પસ ખાતે પ્રાર્થના અને શિક્ષકોના તિલક-સન્માન સાથે ગુરુપૂર્ણિમા પર્વની ગૌરવપૂર્ણ શરૂઆત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ગુરુ મહિમા પર પ્રેરણાદાયી વક્તવ્યો રજૂ કર્યા અને ક્વિઝ સ્પર્ધાના વિજેતાઓને પ્રમાણપત્રો આપી પ્રોત્સાહિત કરાયા હતાં. આ સંસ્થાના ડાયરેક્ટર સિદ્ધાર્થભાઈ પટેલ અને આચાર્ય ઉમેશભાઈ પટેલે ગુરુ-શિષ્ય પરંપરા તથા શિક્ષણના મૂલ્યો વિશે માર્ગદર્શન આપ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ અને સમગ્ર સ્ટાફના ઉત્સાહપૂર્ણ સહયોગથી આ મંગલમય પર્વ સફળતાપૂર્વક સંપન્ન થયું.

### કપડવંજ સિનિયર સિટીઝન મંડળ દ્વારા નૂતન ભવનમાં દાતાનું સન્માન કરાયું

કપડવંજ | કપડવંજ સિનિયર સિટીઝન મંડળના નવનિર્મિત ભવનમાં યોજાયેલી પ્રથમ મીટિંગમાં પ્રમુખ ડો. કે. એસ. વર્માએ સ્વાગત કર્યું હતું. ભવન નિર્માણમાં આર્થિક સહયોગ આપનાર દાતાઓ રમેશભાઈ પટેલ (બકાભાઈ), મયુરભાઈ શર્મા અને વિનસભાઈ જયસ્વાલનું વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું. ઉપપ્રમુખ રાજેશ ત્રિવેદીએ પ્રવૃત્તિ અહેવાલ રજૂ કર્યો હતો. આ સંસ્થામાં ઉપલબ્ધ પુસ્તકાલય, વજન કાંટો તથા બી.પી. મશીન જેવી વિવિધ સુવિધાઓથી સભ્યોને વાકેફ કર્યા હતા. વિજયભાઈ પંચાલ અને સતિષભાઈ બિલ્ડર સહિતની ટીમની જહેમતથી સફળ રહેલા આ પ્રસંગે મુકુંદભાઈ ત્રિવેદીએ આભાર વિધિ કરી હતી.




### આણંદમાં બ્રહ્માકુમારીઝ દ્વારા ગૌરીવ્રત નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ અને સંસ્કાર સિંચન કાર્યક્રમ યોજાયો

આણંદ | આણંદના નેહરુબાગ સ્થિત પ્રભુસ્મૃતિ સેવા કેન્દ્ર ખાતે ગૌરીવ્રત નિમિત્તે ૧૫૦ જેટલી કુમારીઓ માટે મહેંદી અને વક્તવ્ય સ્પર્ધાનું સુંદર આયોજન કરાયું હતું. કેન્દ્ર સંચાલિકા સંધ્યાદીદીએ કુમારીઓને જીવનમાં સંયમ, નિયમ અને સદાચાર દ્વારા શ્રેષ્ઠ વ્યક્તિત્વ ઘડવાની પ્રેરણા આપી હતી. નારી વંદન ઉત્સવ હેઠળ મહિલા અને બાળ વિકાસ કચેરીના સ્ટાફની ઉપસ્થિતિમાં કુમારીઓને વિશેષ ભેટ અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. રાજયોગ મેડિટેશનના અનુભવ બાદ વિજેતાઓને પુરસ્કારો એનાયત કરી સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સમાપન કરવામાં આવ્યું હતું.




### મહીસાગર સંગમ તીર્થ અને આણંદ પંથકમાં ગુરુપૂર્ણિમાની ભક્તિસભર ઉજવણી

આણંદ | વેરાખાડી સ્થિત હનુમંત કુંજ આશ્રમ ખાતે શ્રદ્ધાળુઓએ મહીસાગર સ્નાન અને ગુરુ પૂજનનો વિશેષ બેવડો લાભ લીધો હતો. ગંગેશ્વર આનંદજીના આશીર્વાદ મેળવવા વહેલી સવારથી જ ભક્તોનો અવિરત પ્રવાહ ઉમટી પડ્યો હતો. ભાદોડાના પ્રણામી-કબીર મંદિર અને કાસોર-ભાલેજમાં બાપા સીતારામ ધામે ભજન, કીર્તન અને પ્રસાદીના કાર્યક્રમો યોજાયા હતા. ઓડ, સારસા અને ખંભોળજ સહિતના સમગ્ર પંથકમાં ભક્તો ગુરુ વંદનામાં લીન બની ‘ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ’ના મંત્રને સાર્થક કર્યો હતો.



### ખંભોળજના ચેહરધામ ખાતે મા ચેહરના સાનિધ્યમાં ગુરુપૂર્ણિમા મહોત્સવની ભક્તિભાવ પૂર્વક ઉજવણી



**આણંદ** | ચેહરધામ ખંભોળજ ખાતે ગુરુપૂર્ણિમાના અવસરે માતાજીના સાનિધ્યમાં વિશેષ ધાર્મિક મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે માતાજીના ઉપાસક ભુવાજી નાગજીભાઈ રબારીએ જનકલ્યાણની પ્રાર્થના કરી તમામ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા. ભાવિક ભક્તોએ માં ચેહર અને ભુવાજી શ્રી નાગજીભાઈનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન-અર્ચન કરી દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આ મહોત્સવમાં જય રબારી, ભીખાભાઈ સહિત મોટી સંખ્યામાં સેવકો અને શ્રદ્ધાળુઓ ભક્તિભાવ પૂર્વક જોડાયા હતા.

### આણંદની ગુરુકૃપા નિવાસી વિશિષ્ટ શાળામાં ગુરુ પૂર્ણિમાની ભાવપૂર્ણ ઉજવણી



**આણંદ** | સર્વોત્કર્ષ સેવા સંસ્થાન સંચાલિત ગુરુકૃપા નિવાસી વિશિષ્ટ શાળામાં માનસિક અશક્ત બાળકો અને શિક્ષકો દ્વારા ગુરુ પૂર્ણિમાની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જીગ્નેશ ઠક્કર અને પૂનમ ઠક્કરે વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહી ગુરુના મહત્વ અને ગરિમાપૂર્ણ જીવનશૈલી વિશે માર્ગદર્શન આપ્યું હતું. શાળાના વિશિષ્ટ વિદ્યાર્થીઓએ તેમના જીવનમાં પથદર્શક બનેલા શિક્ષકોનું સન્માન કરી તેમના અમૂલ્ય સહયોગને બિરદાવ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ દરેક વ્યક્તિની વિશિષ્ટતાનો આદર કરી તેમને સમાજમાં સન્માનજનક સ્થાન અપાવવાનો રહ્યો હતો.

### સરદાર પટેલ યુનિવર્સિટીના હિન્દી વિભાગમાં ‘ગુરુ વંદના’ મહોત્સવની ભવ્ય ઉજવણી

**આણંદ** | સરદાર પટેલ યુનિવર્સિટીના હિન્દી વિભાગ દ્વારા ગુરુપૂર્ણિમા નિમિત્તે આયોજિત વિશેષ કાર્યક્રમમાં એમ.એ. અને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે વિભાગના કાર્યકારી અધ્યક્ષ ડો. સીમાબેન રાઠોરે વિદ્યાર્થીઓને ગુરુનું મહત્વ સમજાવી પર્યાવરણ રક્ષણ માટે પ્લાસ્ટિક મુક્ત જીવનશૈલી અપનાવવા આહ્વાહન કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ગુરુ મહિમા વિશે પોતાના હૃદયસ્પર્શી વિચારો રજૂ કર્યા હતા અને વિભાગના તમામ અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. કુ. માહી પટેલના સફળ સંચાલન હેઠળ સંપન્ન થયેલા આ મહોત્સવમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી ગુરુ વંદના કરી હતી.

